# શહેરના વિવિધ સેકટરોમાં ફરીને સાયકલો ચોરતો શખ્સ ઝડપાયો

## ૨૦ સાયકલ ચોરી અને એક લ્યુના ચોરી કરી હોવાની કબુલાત: ચોરીની સાયકલ ૧ હજારથી પણ ઓછી કિંમતે વેચી મારતો હતો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના અલગ અલગ સેકટરોમાં ફરીને લોક માર્યા વગરની પડેલી સાયકલોની ચોરી કરતો એક યુવાન શખ્સ ગાંધીનગર એલસીબીની ઝપટમાં આવી ગયો છે. કલોલના શેરીસા વિસ્તારના આ શખ્સની સઘન પુછપરછમાં તેણે ૨૦ સાયકલો અને એક લ્યુનાની પેટ્રોલીંગમાં હતાં તે દરમિયાન સે-૨૮ બગીચા પાસેથી કલોલના શેરીસા વિસ્તારનો ગુગાજી ઉર્ફે ગુગલો છજાજી ઠાકોર શંકાસ્પદ હાલતમાં સાયકલ સાથે દેખાતા તેને પકડીને પુછપરછ શરુ કરવામાં આવી હતી. આ સાયકલ ચોરીની હોવાનું જાણવા મળતા તેને ઉઠાવીને સઘન પુછપરછ કરતાં ગુગાજીએ શહેરના વિવિધ સેકટરોમાં



ચોરી કરી હોવાની કબુલાત કરી છે. એલસીબીએ રૂ. ૨૩હજારની કિંમતનો મુદ્દામાલ રીકવર કરીને આરોપી સે-૨૧ પોલિસ સ્ટેશન સોંપી આપ્યો છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમનાં પીએસઆઈ એચ.કે. સોલંકી, એએસઆઈ અશોકકુમાર, હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહ, પો.કો. કિરીટકુમાર, મહિપાલસિંહ તથા યુવરાજસિંહ સહિતના માણસો ફરીને લોક માર્યા વરની ૨૦ સાયકલો તથા એક લ્યુનાની ચોરી અત્યાર સુધી કરી હોવાની કબુલાત કરી હતી. પોલીસે રૂ. ૨૨,૯૦૦નો મુદામાલ રીકવર કરી આરોપીની ધરપકડ કરી સે-૨૧ પોલીસને સોંપ્યો છે. મળતી માહિતી મુજબ તેણે રૂ. ૧ હજારથી પણ ઓછી કિંમતમાં નાના વડોદરા, આજોલ, ટીંટોદરા, આદિવાડા સહિતના ગામોના લોકોને ફોસલાવીને ચોરીની સાયકલો વેચી મારી હતી.

# ડેપોમાં પાકીટ ચોરતા ત્રણ મહિલાઓ રંગે હાથ ઝડપાઈ

## બસમાં ચઢતી વેળાએ ભીડનો લાભ ઉઠાવી હાથ ફેરો કરતી મહિલાઓ પર મુસાફરોએ હાથ સાફ કર્યો

ગાંધીનગર, તા.૫

એસ.ટી. ડેપોમાં આજે સવારે ત્રણ મહીલાઓ બસમાં ચઢતા મુસાફરોની ભીડનો લાભ લઈ પાકીટ ચોરતા રંગે હાથ ઝડપાઈ ગઈ હતી. એસ.ટી.ના કર્મચારીઓએ આ શકમંદ મહીલાઓ પર પહેલેથી જ વોચ રાખી ઝડપી લીધી હતી. પાકીટચોર મહીલાઓ ઝડપાતા મુસાફરોએ પણ હાથ સાફ કરી લીધો આખરે આ મહિલાઓને સ્થાનિક પોલીસના હવાલે કરી દેવાઈ હતી.

શહેરના એસ.ટી.ડેપોમાં પોલીસ ચોકી શરૂ ન થતા મુસાફરોની સલામતી રામભરોસે છે. લાંબા સમયના અંતે પણ ડેપો સંકુલમાં પોલીસ પહેરો ગોઠવી શકાયો નથી. બીજી તરફ ડેપો સંકુલમાં જાણભેદુ ચોર તત્વો હાથ ફેરો કરવાની ફીરાકમાં ફરતા હોવાનું પણ ધ્યાને આવે છે. આજે પણ સવારના સમયે પીક પોકેટીંગ કરતી ત્રણ મહિલાને ડેપોના કંટ્રોલરે રંગે હાથ ઝડપી લીધી હતી. ડેપો સંકુલમાં આજે સવારે આ ત્રણ પાકીટ ચોર મહીલાઓ આંટા માતી હતી જયારે જે પણ બસ આવે તેની પાછળ દોડતી આ ચોર ટોળકી એક પણ બસમાં બેસતી ન હતી. આ દરમિયાન બાપુનગર-અમદાવાદ બસમાં ભીડનો લાભ ઉઠાવી આ મહીલાઓએ બે વિદ્યાર્થીનીઓ બસમાં ચઢતી હતી તે વળાએ તેમની બેગની ચેઈન ખોલી પાકીટ મારી લીધા હતા. આ વેળાએ એસ.ટી. ડેપોના કંટ્રોલર ધર્મેન્દ્ર પંડયા તેમજ વિપુલ પટેલે આ મહિલાઓને રંગે હાથ ઝડપી લીધી હતી. આ મામલે રોષે ભરાયેલા મુસાફરોએ પણ મહીલાઓને આ હરકત બદલ મેથીપાક ચખાડયો હતો આખરે પાકીટ ચોર મહિલાઓને સે-૭ પોલીસને સોંપી દેવામાં આવી હતી.



શ્રી રાધેશ્યામ ખાદી ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર અંતર્ગત જન સેવા સમિતિ દ્વારા તા. ૨૫-૧-૨૦૧૫થી નિયમીત રીતે કિડની હોસ્પિટલ, અમદાવાદ ખાતે જરૂરતમંદ દર્દી અને સ્વજનોને મફત પૌષ્ટિક આહાર ટીફિન સેવા વિતરણનો શુભારંભ કિડની હોસ્પિટલના વડા પદ્મશ્રી એચ.એલ. ત્રિવેદી સાહેબના વરદ હસ્તે દીપ પ્રાગટય કરી કરવામાં આવ્યો હતો., આ પ્રસંગે અતિથિ વિશેષ પદે વેદાંતી ધર્માચાર્ય અને કથાકાર પૂ. ફુલશંકર શાત્રીજી તથા મુખ્ય ટ્રસ્ટી અમિતભાઈ શેઠે હોસ્પિટલના ઉચ્ચાધિકારીઓ તથા ટ્રસ્ટના અગ્રણીઓની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટય કરી ૧૦૧ ટિફીનનું વિતરણ કર્યું હતું.

# ખોરજ-ખોડીયાર રેલવે સ્ટેશન પર મેમુ ટ્રેનમાંથી ઉતરતા ચક્કર આવતા મુસાફરે જીવ ગુમાવ્યો

## ઝારખંડથી ૧૫ મજુરો અદાણી શાંતિગ્રામ સાઈટ પર આવી રહ્યા હતા : ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે પટકાતા મજુરનું મૃત્યુ : લેબર કોન્ટ્રાકટર તમામ મજુરોને પડતા મુકીને ભાગી ગયો

ગાંધીનગર, તા. ૫

અડાલજ પાસે સ્થિત અદાણી શાંતિગ્રામ સાઈટ પર મજુરી કામ માટે લેબર કોન્ટ્રાકટર ઝારખંડથી ૧૫ જેટલા મજુરો લઈને આવી રહ્યો હતો. દરમ્યાન પાટણ મેમુ ટ્રેનમાં બેસીને ખોરજ ખોડીયાર રેલવે સ્ટેશનમાં તેઓ પહોંચ્યા ત્યારે એક મજુરને ટ્રેઈનમાંથી ઉતરતા અચાનક ચક્કર આવતા પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચે પડી ગયો અને તેનું માથુ પટકાતા ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ મજુરનુ સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજયું છે. તો બીજુ તરફ તમામ મજુરોને પડતા મુકીને લેબર કોન્ટ્રાક્ટર પણ ફરાર થઈ જતા વતને જવાના રૂપિયા ન હોવાથી મજુરની અંતિમવિધિ ગાંધીનગર સ્મશાનગૃહમાં કરવી પડી હતી. નોંધનીય છે કે રઝડી પડેલા અન્ય મજુરોને માનવતા દાખવીને રેલવે પોલીસના જવાનોએ ભોજન આપ્યુ હતુ.

એક લેબર કોન્ટ્રાકટર ઝારખંડથી ૧૫ જેટલા મજુરોને લઈને અદાણી શાંતિગ્રામ સાઈટ પર મજુરી કામ માટે લઈને આવી રહ્યો હતો. ખોરજ ખોડીયાર પાસે તેઓ પહોંચ્યા ત્યારે ટ્રેનમાંથી ઉતરતી વખતે એક યુવાન મજુર જેંદુ દેવીલાલ મરાન્ડેને ચક્કર આવ્યા અને પ્લેટફોર્મ નં.-૨ અને ટ્રેન વચ્ચે નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. તાત્કાલિક તેને હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો પરંતુ તેના પ્રાણપંખેરૂ ઉડી ગયા હતા. તો બીજી તરફ જે લેબર કોન્ટ્રાકટર મજુરોને લઈને આવ્યો હતો તે પણ ભાગી ગયો અને પોતાનો મોબાઈલ નંબર સ્વીચઓફ કરી નાંખતા તમામ મજુરો રૂપિયા વગર રઝળી પડ્યા હતા. યુવાનનો મૃતદેહ પણ વતન લઈ જઈ શકે તેવી પરિસ્થિતિ ન હોવાથી આખરે અંતિમ ક્રિયા પણ ગાંધીનગર સ્મશાનમાં કરવી પડી હતી. રેવવે પોલીસમથકના જમાદાર જસવંતસિંહ અને નારણભાઈ તથા તેમની ટીમે રઝળી પડેલા મજુરોને માનવતા દાખવીને ભોજન કરાવ્યુ હતુ અને ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# ચિલોડા સર્કલે બસમાં ચઢવા જતા યુવાનનો પગ કપાયો

ચિલોડા, તા.૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા સર્કલ પાસે આવેલ પોલીસ સ્ટેશન નજીક આજે આવી જ એક ઘટનામાં ચાલુ બસે એક યુવાને બસમાં ચઢવાનો પ્રયાસ કરતા તેનો પગ કપાઈ જવા સહિત અસંખ્ય મુસાફરોની અઢળક ભીડ જમા થાય છે વળી ખાનગી વાહન ચાલકો, ભારે વાહન, લકઝરી



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

હાઈવે પર એક બસમાં ચઢવા જતાં એક યુવાને તેનો પગ ગુમાવવો પડયો હતો. ચિલોડા સર્કલ હાઈવે પર વાહન વ્યવહારનું મુખ્ય મથક સમું બની ગયું છે. જેમાં ભારે ટ્રાફિક અને મુસાફરોની ખૂબ ભીડના કારણે છાશવારે નાના મોટા અકસ્માત સર્જાતા રહે છે. પામ્યો હતો. આ ઘટનાને કારણે ત્યાં હાજર લોકોની ભીડ થઈ જવા પામી હતી અને અરેરાટી ફેલાઈ ગઈ હતી. આ યુવાનને સારવાર અર્થે તાત્કાલિ ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ચિલોડા સર્કલ પાસે દરરોજ પર પ્રાંતિય લોકો બસો તેમજ અન્ય વાહનોના પગલે અહીં દરરોજ મેળા જેવી પરિસ્થિતિ થાય છે અને અનેક વાર ટ્રાફિક જામ સહિતની સમસ્યાઓ ઉભી થવા પામે છે. ટ્રાફિક પોલીસે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવાની તાતી જરુરિયાત જણાઈ રહી છે.

# દોલારાણા વાસણા પાસે પરિણીતાનો ઝેરી દવા પીને આપઘાત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક દોલારાણા વાસણા પાસેના બાપુપુરા વિસ્તારમાં પિયરમાં જઈને ૨૫ વર્ષિય પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

દોલારાણા વાસણાના બાપુપુરા વિસ્તારમાં પિયર ખાતે આવીને ૨૫ વર્ષિય પરિણીતા કંચનબેન ભગાજી ઠાકોરે કોઈ કારણોસર ઝેરી દવા પી લીધી હતી. ગંભીર હાલતમાં તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવામાં આવી હતી. આખી રાત હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે જોલા ખાધા બાદ આજે સવારના અરસામાં પરિણીતાનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું હતું. આપઘાત અંગે ચિલોડા પોલીસને જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

## પ્રેસ સર્કલ પાસેથી ચાર રિક્ષાચાલકો જુગાર રમતા ઝડપાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર પ્રેસ સર્કલ પાસે રિક્ષા સ્ટેન્ડ નજીક કેટલાક શખ્સો જુગારની બાજી માંડીને બેઠા હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડી ચાર રિક્ષા ચાલકોને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. પેથાપુરમાં રહેતા નાસીરખાન અલીખાન પઠાણ, ઈમરાન સિકંદરમીયા બેલીમ, પુનમ હિતેશ રાવળ અને ચરેડી છાપરામાં રહેતો સાબિરમીયા ઈબ્રાહીમભાઈ સિપાઈ મળીને ચાર જુગારીઓની ધરપકડ કરીને રૂ. ૪૭૮૫ નો મુદામાલ જપ્ત કર્યો છે. એલસીબીએ ચારેયની ધરપકડ કરીને સે. ૨૧ પોલીસને સોંપી દીધા છે.

## ટેલિફોન અદાલત ૨૦મી ફેબ્રુઆરીએ

ગાંધીનગર શહેરઅને ગ્રામીણ જનતા માટે ભારતીય સંચાર નિગમ દ્વારા ટેલિફોન અદાલતનું આયોજન તા. ૨૦મી ફેબ્રુઆરી ટેલિફોન એક્સચેન્જ સે-૧૧માં સવારે ૧૧ કલાકે યોજેલ છે. અરજી તારીખ ૧૬મી ફેબ્રુઆરી સુધીમાં સબડીવીઝન એન્જીનીયર (ટેકનીલ) ટેલિફોન એકસચેન્જ સે-૧૧ ગાંધીનગરને ફોન નં. ૨૩૨-૨૭૦૦૦, ૨૩૨-૨૨૪૦૮ પર સંપર્ક કરવો.

# ગાંધીનગરના માર્ગો પર ફરીથી ધમધમતી ઓવર લોડીંગ ટ્રકો

## આર.ટી.ઓ. તથા ભુસ્તર વિભાગનો કાર્યવાહીના નામે ઢાંક પિછોડો, કાયદાનું સરેઆમ થઈ રહેલુ ઉલ્લંઘન

ગાંધીનગર, તા. ૫

રાજ્યભરના માર્ગો ઉપર ક્ષમતા કરતા વધારે માલનું પરિવહન કરવુ એ ગુનો હોવા છતાં ઓવરલોડીંગ માલનું પરિવહન બે રોકટોક ચાલી રહ્યું છે. થોડા મહિના પહેલા આરટીઓ તથા ભુસ્તર વિભાગ દફતરે નોંધો દર્શાવા જ જાણે દરોડોના નાટક કર્યા હતા તે પછી હાલ ગાંધીનગરના માર્ગો ઉપર ફરીથી ઓવરલોડીંગ ટ્રકો ધસમસતી પસાર થઈ રહી છે. જેમાં ક્વોરી ઉદ્યોગની ટ્રકો સૌથી વિશેષ છે જે આ પ્રકારનું ગેરકાયદેસર વહન કરી સરકારી આવક સહિતનું નુકશાન કરાવી રહ્યા છે. જેથી સંલગ્ન તંત્ર આ બાબતે નિષ્ઠાપુર્વકની કામગીરી કરી નિયમ મુજબનું પરિવહન થાય તેવુ આયોજન હાથ ધરે તેવી માંગ ઉભી થઈ છે.

ગાંધીનગર, અમદાવાદ, દહેગામ, મહેસાણાના મુખ્ય તથા આંતરિક માર્ગો અને નેશનલ હાઈવે નં. ૮ ઉપર થોડા દિવસોથી ઓવર લોડીંગ ટ્રકોનું પરિવહન ધમધમતુ થયું છે. આશરે પાંચ માસ અગાઉ તંત્રના કડક વલણથી અને ક્વોરી ઉદ્યોગના એસોસીએશનમાં થયેલા નિર્ણય પછી નિયમ મુજબનું જ પરિવહન થતુ હતું. પરંતુ તાજેતરમાં એસીબીની રનીંગ ટ્રેપ પછી માર્ગો ઉપર



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

પોલીસની હયાતી બંધ થતા જ ગેરકાયદેસર રીતે વધુ માલ લઈ જવાની પ્રવૃતિ પુલુફાલી છે. ક્ષમતા કરતા અનેક ગણો માલ ભરીને જતી ટ્રકો માર્ગોને નુકસાન પહોંચાડી રહી છે. તો અન્ય વાહનચાલકો માટે પણ અત્યંત જોખમી બની સકે છે. વધુમાં સરકારની આવક એવી રોયલ્ટીની ચોરી પણવધી રહી છે. જેમાં રાત્રીના સમયે ઓવર લોડીંગ ટ્રકોની સંખ્યા માર્ગો ઉપર વધુ જોવા મળે છે.

સરકારના કાયદાનું સરેઆમ ઉલ્લંઘન કરી મુખ્ય શહેરો જેવા દહેગામ, તલોદ, ચિલોડા, ગાંદીનગર, અમદાવાદ, હિંમતનગર, મહેસાણા વગેરેમાંથી ખુલ્લેઆમ બેરોકટોક પોલીસ સમક્ષ થઈ ઓવરલોડીંગ ટ્રકો પસાર થઈ રહી છે. આર.ટી.ઓ. તથઆ ભુસ્તર વિભાગ વર્ષમાં ફક્ત એકાદવાર નામ પુરતી કાર્યવાહી કરી સુષુપ્ત બની જાય છે. જેનો ટ્રક માલિકો ગેરફાયદો ઉઠાવી રહ્યા છે. માટે તંત્રની સ્થીત દેખરેખ અને કડક કાર્યવાહી જ આ પ્રવૃત્તિને અટકાવી શકે છે. તેમજ જ્યાંથી ઓવરલોડીંગ માલ ભરાય છે ત્યાં પણ દરોડા પાડી કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ થઈ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૯
સૂર્યાસ્ત : ૬.૩૧

## તાપમાન

મહત્તમ : ૨૭.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૨ ટકા ● સાંજે ૩૩ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

ખામોસીયાં : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

સ્કીન-૨ :

બેબી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્કીન-૩ :

હવાઈજાદા : ૧૧.૦૦, ૧.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

આઈ : ૪.૦૦

### સિનેમેક્સ,

: સ્કીન-૧ :

૩ડી સેવન્થ સન (હિન્દી) : ૯.૩૫, ૧૨.૦૦, ૫.૪૦, ૮.૦૫, ૧૦.૩૦

બેબી : ૨.૨૫

: સ્કીન-૨ :

બેબી : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્કીન-૩ :

ખામોસીયાં : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦

સ્કીન-૪ :

હવાઈજાદા : ૯.૦૫, ૧૨.૨૦, ૩.૩૫, ૬.૫૦,૧૦.૦૫

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. અરૂણાબેન કાલીદાસ પ્રજાપતિ (ઉ.વ.૪૯) પ્લોટ નં. ૧૧૦૮/૧, સેક્ટર-૩ડી, ગાંધીનગર
- સ્વ. સુનિતાબેન બળદેવભાઈ પટેલ (ઉ.વ.૪૩) ૩૦૫, ગાયત્રીનગર, સેક્ટર-૨૫, ગાંધીનગર
- સ્વ. જાદુ દેવીલાલ મરાંડી (ઉ.વ.૩૫) ગામ - મહુવા ડંગાલ, તા.ડી. દુમકા, રાજય - ઝારખંડ